# Greenlamans High School

## Final Exam Year 2018

STD : V
Date:

Subject : Gujrati Lang (II)

Time : 2 Hrs.
Marks : 80

## વિભાગ - અ

**નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય જવાબ પૂરો.** (૨)

૧) વરૂ તેને જોઇ ................ થયું.

૨) બચ્ચાની .............. પણ બરાબર ફૂટી ન હતી.

૩) નાના બાળકોને .............. ખૂ બ .............. હોય છે.

**નીચે આપેલા વાક્ય કોણ બોલે છે કોને કહે છે.** (૨)

૧) ''હા હા, તું મારા કૂવામાંથી પાણી પી જાય છે, સાચું ને ?''

૨) તેને અડી અડીને દુ:ખી ન કરે.

**યોગ્ય જોડકા જોડો વિભાગ 'અ' અને વિભાગ 'બ' બન્ને લખો.** (૩)

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| ૧) બિલાડી અને મગર | (અ) રાજેશ પંચાલ |
| ૨) ઝિન્દાબાદ ઝિન્દાબાદ | (બ) ચંપા બહેન ગુર્જર |
| ૩) શ્યામની મા | (ક) મનહર બી પંચાલ |
| ૪) વરૂને ઘેટું | (ડ) અશ્વિન ચંદારાણા |
| ૫) બહુ રે ગમે | (ચ) નટવરલાલ દવે |
| ૬) સમજુ વાંદરા | (છ) હસિત બૂચ |
| | (જ) મનહર પટેલ |

**નીચે આપેલા વ્યક્તિ વિશે ચાર વાક્યો લખો.** (૬)

૧) ગાંધીજી (૨) શ્યામની મા (૩) મગર

**નીચે આપેલા સવાલ ના જવાબ એક શબ્દમાં લખો.** (૫)

૧) કવિએ ચકલીને પાણી પીવા શેમાં રાખ્યું ?

૨) વરસા ઋતુમાં સવાર કેવી હોય ?

૩) ભારતના રખવાળા કોણ કરશે ?

૪) આગગાડી શરૂ થઇ ત્યારે તેમાં કેટલા માણસો બેઠા હતા?

૫) બિલાડી શેના પર બેસી  હ તી હતી?

**એક બે વાક્યમાં જવાબ લખો.** (૫)

૧) ગાંધીજીના ત્રણે વાંદરા કેવા હતા ?

૨) કોનું બચ્ચું વિખૂટ પડી ગયું ? શી રીતે ?

૩) થાક્યા વિના બાળક શું કરશે ?

૪) ભારતમાં પહેલી રેલવે કઇ તારીખે શરૂ થઇ ?

૫) બિલ્લી એ હાથ જોડી મગરને શું કહ્યું?

**નીચે આપેલા સવાલ ના જવાબ પૂરા વાક્યમાં લખો.** (૧૦)

૧) ગાંધીજીનું પ્રિય રમકડું ક્યું હતું ? તે આપણને શી શિખામણ આપે છે.

૨) 'શ્યામની મા' પાઠ દ્વારા શું શીખ્યા વિસ્તારપૂર્વક સમાજવો.

૩) આગ ગાડીની શોધ કોણે અને ક્યારે કરી ? શા માટે આપણે ભાગ્ય-શાળી છીએ ?

૪) કોણે ઉંદરના ગળે ઘંટ બાંધ્યો ? શા માટે ? શી રીતે ?

**નીચે આપેલી કવિતા સુંદર અક્ષરે લખો.** (૭)

'ચકલી'

## વિભાગ - બ

**નીચે આપેલા શબ્દના અર્થ લખો.** (૨)

૧) ધ્યાન (૨) રહેમ (૩) સલાહ (૪) ખાલી

**નીચે આપેલા વિરોધી લખો.** (૨)

૧) નિંદા (૨) પ્રથમ (૩) જાગવું (૪) સ્વતંત્ર

**નીચે આપેલા શબ્દ પરથી વાક્ય બનાવો.** (૨)

૧) સોહામણા (૨) માઠી

**નીચે આપેલા શબ્દના વચન બદલી લખો.** (૨)

૧) છોકરી (૨) માટલા (૩) તાળું (૪) કૂંજો

**નીચે આપેલા શબ્દની જાતિ બદલી લખો.** (૨)

સજ્જન (૨) ભાઇબંધ (૩) વૃધ્ધા (૪) પૂજારી

**નીચે આપેલા વાક્યમાં સર્વનામ ઓળખી લખો.** (૨)

૧) મારાથી લગ્નમાં ન જવાયું.

૨) મયંકે પોતાની ભૂલની માફી માંગી.

૩) મેં ખુલ્લો નળ બંધ કર્યો.

૪) પોલીસે ચોરને તેના ગુના માટે જેલમાં પૂર્યો.

**નીચે આપેલા વાક્યમાં કાળ ઓળખી લખો.** (૨)

૧) શાળામાં રામે સવાલનો જવાબ આપ્યો.

૨) નરેન જરૂરથી આવશે.

૩) ખેડૂત વરસાદની રાહ જોતો હતો.

૪) કાજલને ખૂબ ભૂખ લાગી છે.

**નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.** (૨)

૧) જાતે રાંધીને ખાવું.

૨) પથ્થર પર કોતરેલા લેખો.

**નીચે આપેલી કહેવતનો અર્થ લખી વાક્યમાં વાપરો.** (૪)

૧) કાજિયાનું મોં કાળુ

૨) ઊંટના અઢારે વાંકા

**નીચે આપેલા વિષય પરથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો.** (૮)

૧) ઉત્તરાણ (૨) પ્રાણી બાગની મુલાકાત (૩) મારી વર્ષ ગાંઠ

**નીચે આપેલા મુદ્દાને આધારે વાર્તા લખો.** (૬)

એક ખેડૂત - ચાર દીકરા - ચારે આળસુ - ખેડૂત ને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાઓને બોલાવવા - 'ખેતરમાં ધન દાટેલું છે' એમ કહેવું - અવસાન - દીકરાઓનું ખેતર ખોદી કાઢવું - ધન ન મળવું - બી વાવવાં - સારો પાક થયો - બોધ.

**નીચે આપેલો ગદ્યાખંડ વાંચી સવાલના જવાબ લખો.** (૬)

ગામડાના લોકોને આરોગ્યની કાળજી રાખવા અંગે સચોટ અને અસરકારક સમજ આપવામાં આવી છે. ગામમાં મેલેરિયા, ન્યુમોનિયા, મરડો જેવા અનેક રોગો ફાડી નીકળ્યા છે. લોકો હેરાન પરેશાન થઇ ગયા છે. તેમની મુશ્કેલી જોઇ સરપંચ દુઃખી થાય છે. તેમની આંખોમાં આંસુ આવી જાય છે.

તેથી તેઓ એક ડૉક્ટરને બોલાવી આ રોગો વિષે માહિતી આપવા એક સભા યોજે છે. ડૉક્ટર ગામના લોકોને રોગ કેવી રીતે થાય, તે સમજાવી તે નિવારવા શું શું કરવું જોઇએ તેની પૂરેપૂરી સમજ આપે છે. સ્વચ્છતા જાળવવાની, પાણી ઉકાળીને પીવાની સૂચના આપે છે. ખાબોચિયાંઓ માટીથી પૂરી દેવાની તાકીદ કરે છે. જેથી માખી, મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવને ટાળી શકાય આ ફકરામાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ થયો છે.

**સવાલો :-**

૧) લોકો ક્યા ક્યા રોગોથી પીડાતા હતા ? (૧)

૨) કોણ ડૉક્ટરને બોલાવે છે ? શા માટે ? (૧)

૩) ડૉક્ટરે લોકોને શું સલાહ આપી ? (૨)

૪) તમે સ્વચ્છતા જાળવવા શા શા પ્રયાસ કરશો ? (૧)

૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો ? (૧)

**સમાપ્ત**